# કાલિદાસનાં મહાકાવ્યોમાં મૂલ્યમીમાંસાના વિચારો

સુનિલદત્ત વી. વ્યાસ
અધ્યાપક સહાયક,
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ,
મુખપાર્ક, પાંડેસરા, ઉધના નવસારી રોડ, સુરત

## ૧. પ્રસ્તાવના

કાલિદાસ સંસ્કૃત સાહિત્યના સુપ્રસિદ્ધ કવિ હતા. તેમને કવિ કુલગુરુની ઉપમા આપવામાં આવી હતી. વિક્રમાદિત્યના નવરત્નો પૈકી તેમનું નામ ગણાતું હતું. જેમ કે, જ્યોતિર્વિદાભરણ માં તેમનો ઉલ્લેખ જોવા મળે છે. યથા

**धन्वंतरिक्षपणकामरसिंहशंकु वेतालभट्टघटखर्परकालिदासः।**
**ख्यातोवराहमिहिरो नृपतेः सभायां रत्नानिवैवररुचिर्नव विक्रमस्य॥**

કાલિદાસના સંસ્કૃત સાહિત્યમાં કાવ્ય સૌષ્ઠવતાની વાતો જ નહીં પરંતુ તત્ત્વદર્શનની વાતો પણ અપરોક્ષ રીતે કરી છે. સંશોધકે અભ્યાસ દરમિયાન કાલિદાસના મહાકાવ્યોનું વાંચન કર્યું હતું ત્યારે તેમને વિશ્વાસ થયો કે કાલિદાસે તત્ત્વમીમાંસા, શિક્ષણમીમાંસા, મૂલ્યમીમાંસા, સૌંદર્યમીમાંસાના વિચારો મહાકાવ્યોમાં શ્લોક રૂપમાં અપરોક્ષ રીતે રજૂ કર્યા છે. સંશોધકના મનમાં વિચાર આવ્યો કે, મહાકાવ્યોમાં મૂલ્યમીમાંસા અંતર્ગત મૂલ્યના અર્થ વિશે કયા વિચારો રજૂ કર્યા છે. તે જાણવાની ઈચ્છા થઇ ત્યારે સંશોધકે સંશોધનનો આ પ્રમાણે વિષય નક્કી કર્યો.

## ૨.સમસ્યા શીર્ષક

**"કાલિદાસનાં મહાકાવ્યોમાં મૂલ્યમીમાંસાના વિચારો"**

## ૩. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધન નિમ્ન હેતુઓને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યું હતું.

૧. રઘુવંશ મહાકાવ્યમાં મૂલ્યમીમાંસા અંતર્ગત મૂલ્યના અર્થ વિશે જાણવું.
૨. કુમારસંભવ મહાકાવ્યમાં મૂલ્યમીમાંસા અંતર્ગત મૂલ્યના અર્થ વિશે જાણવું.

## ૪. સંશોધનના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો આ મુજબ હતાં.

૧. રઘુવંશ મહાકાવ્યમાં મૂલ્યમીમાંસા અંતર્ગત મૂલ્યના અર્થ વિશે કયા કયા વિચારો વ્યક્ત થયા છે?
૨. કુમારસંભવ મહાકાવ્યમાં મૂલ્યમીમાંસા અંતર્ગત મૂલ્યના અર્થ વિશે કયા કયા વિચારો વ્યક્ત થયા છે?

## ૫. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન કરવા માટે ગુણાત્મક સંશોધનની પદ્ધતિ અંતર્ગત વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

### ૬. સંશોધનનું વ્યાપવિશ્વ અને નમૂનો

કાલિદાસની કુલ સાત કૃતિઓ પ્રસિદ્ધ છે. બે મહાકાવ્ય ( રઘુવંશ અને કુમારસંભવ), ત્રણ નાટકો (અભિજ્ઞાનશાકુન્તલ, વિક્રમોર્વશીય, માલવિકાગ્નિમિત્ર), એક ગીતિકાવ્ય ( ઋતુસંહાર) એક ખંડકાવ્ય (મેઘદૂત) જે પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ છે. કાલિદાસની કુલ સાત કૃતિઓ પૈકી પ્રસ્તુત સંશોધન માટે બે મહાકાવ્યોને નમૂના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યા છે.

### ૭. સંશોધનના ઉપકરણો

પ્રસ્તુત સંશોધન માટે બે પ્રકારના ઉપકરણોને સ્ત્રોત રૂપમાં લેવામાં આવ્યા છે.

**૧. પ્રાથમિક સ્ત્રોત**

પ્રસ્તુત સંશોધન માટે કાલિદાસના બંને મહાકાવ્યો રઘુવંશ અને કુમારસંભવ ને ઉપકરણના મુખ્ય સ્ત્રોત તરીકે સ્વીકાર કરવામાં આવ્યા છે.

**૨.ગૌણ સ્ત્રોત**

પ્રસ્તુત સંશોધન માટે સંસ્કૃત સાહિત્યને લગતી માસિક પત્રિકાઓ અને સંશોધન પત્રોને ગૌણ સ્ત્રોત તરીકે લેવામાં આવ્યા છે.

### ૮. સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનમાં કાલિદાસ રચિત બે મહાકાવ્યો રઘુવંશ અને કુમારસંભવ માં મૂલ્યમીમાંસા અંતર્ગત મૂલ્યના અર્થ વિષયક વિચારો સુધી જ ક્ષેત્ર મર્યાદિત કરવામાં આવ્યું હતું.

### ૯. સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધન માટે મહાકાવ્યોના મૂળગ્રંથનું વાંચન કરી મૂલ્યમીમાંસા અંતર્ગત મૂલ્યના અર્થ વિષયક હેતુને ધ્યાનમાં રાખી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ દ્વારા સ્વબુદ્ધિવિવેક અને ગુરુ માર્ગદર્શન દ્વારા તારણો તારવવામાં આવ્યા હતા. જેનું વિવેચન આ પ્રમાણે છે.

**૧. રઘુવંશ મહાકાવ્યમાં મૂલ્યમીમાંસા અંતર્ગત મૂલ્યના અર્થ અંગેના તારણો**

**રઘુવંશ**માં કાલિદાસના મતે મૂલ્યનો અર્થ વિશાળ છે. કાલિદાસનું માનવું છે કે જે નમ્રતા, શુદ્ધતા, પવિત્રતાથી માણસ પ્રતિષ્ઠિત બને છે તેને તે મૂલ્ય માને છે. કાલિદાસ સુખ શાંતિ ધર્મપાલનને મૂલ્ય માને છે. સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યને માનવીય જીવન માટે શ્રેષ્ઠ માને છે. સહયોગ અને ઉપકાર દ્વારા મૂલ્યો કેળવાય છે, તેનાથી માણસમાં લોકહિતની ભાવનાનું પ્રાગટ્ય થાય છે. એટલે લોકહિત માટે સહયોગ અને ઉપકારને કાલિદાસ મૂલ્ય સમજે છે. કાલિદાસ માનવના આધ્યાત્મિક શિક્ષણ માટે ચિત્તની પ્રસન્નતાને મૂલ્ય માને છે. રાજા દિલીપ દ્વારા ગૌમાતાની સેવાનું ઉદાહરણ આપતા કાલિદાસ શ્રદ્ધાભાવથી કોઈ પ્રાણીની સેવાને મૂલ્ય માને છે. વૃક્ષો પ્રત્યે અર્થાત્ પ્રકૃતિ પ્રત્યે તાદાત્મ્ય ભાવ રાખવાની વાત કરીને કાલિદાસે પર્યાવરણીય મૂલ્યને ઊંચુ સ્થાન આપ્યું છે. રાજ્યની રક્ષા કરવી, પ્રજાનું પાલન કરવુ, રક્ષણ કરવું, યોગ્ય કર લેવો જેવા રાજનૈતિક અને આર્થિક મૂલ્યોની વાત કાલિદાસે કરી છે. માનવીય પ્રેમને કાલિદાસ મૂલ્ય માને છે. પારસ્પરિક સહયોગથી વ્યક્તિ શક્તિશાળી બને છે. એટલે પારસ્પરિક સહયોગને તે મૂલ્ય માને છે. વિષય ત્યાગને તેમજ સાંસ્કૃતિક વારસાનું અનુસરણ કરવાની બાબતને કાલિદાસ મૂલ્ય તરીકે સ્વીકારે છે.

શાંતિ અને સૌંદર્યતાને મૂલ્ય માને છે. કૃષિના રક્ષણની વાત કરીને આર્થિક મૂલ્ય અને તેના સંરક્ષણની વાત કાલિદાસે કરી છે. કાલિદાસ રાષ્ટ્રીય મૂલ્યના અર્થને સ્વીકારતા લખે છે કે વતન પ્રેમ અને રાષ્ટ્રપ્રેમના ભાવોને ઉત્પન્ન કરવા એ જ મૂલ્યનો સાચો અર્થ છે. પ્રકૃતિની પૂજાને કાલિદાસ પર્યાવરણીય મૂલ્ય માને છે. સંતોષ માટે નિઃસ્પૃહ શબ્દનો પ્રયોગ કરી સર્વ સુખોની પ્રાપ્તિને તે મૂલ્યનો અર્થ સ્વીકારે છે. સૌંદર્ય વગરના જીવનને તે નિરર્થક માને છે. સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌ને શાશ્વત અને આધ્યાત્મિક મૂલ્યો માને છે. યજ્ઞના ધૂમાડા દ્વારા વાયુમંડળને શુદ્ધ કરવું તેને પર્યાવરણીય મૂલ્ય તરીકે માને છે. બાહ્ય શુદ્ધતાની અસર માણસના અંતઃ પટલ પર પ્રભાવ પાડે છે. જેનાથી માણસ નિર્વિકારી બની જાય છે. જે રાષ્ટ્રહિતેષી પણ રહે છે. આમ, પર્યાવરણીય શુદ્ધતાને મૂલ્ય માને છે. વિશ્વબંધુત્વની ભાવનાને આંતરરાષ્ટ્રીય મૂલ્ય તરીકે માને છે. કાલિદાસ વ્યવહાર કુશળતાને મૂલ્યનો સાચો અર્થ માને છે. જીવન સાથે સંતોષ માનવો મૂલ્યનો પ્રામાણિક અર્થ છે. સત્ય એ સ્વયં સાચું મૂલ્ય છે. સામાજિક નમ્રતાને મૂલ્ય માને છે. કર્તવ્યપાલન અને શાસ્ત્રાનુકૂલ વિશ્વાસપૂર્વક નિયમોમાં રહીને પોતાનો વર્તન વ્યવહાર રાખવો તે મૂલ્ય છે.

રઘુવંશ મહાકાવ્યમાં ઉપર્યુક્ત મૂલ્યમીમાંસા અંતર્ગત મૂલ્યના અર્થને લગતા જે શ્લોકો/ શ્લોકસ્થ પંક્તિઓમાં આલેખન જોવા મળે છે તેની સારણી આ મુજબ છે.

**સારણી ૧. મૂલ્યના અર્થને લગતા શ્લોકો/ પંક્તિઓ**

| મહાકાવ્ય | સર્ગ/શ્લોક-શ્લોકપંક્તિ | કાલિદાસ ગ્રંથાવલિ પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| રઘુવંશ | ૧/૧ પંક્તિ | ૧ |
| | ૧/૫ પંક્તિ | ૨ |
| | ૧/૨૧ | ૪ |
| | ૧/૬ પંક્તિ | ૬ |
| | ૧/૬૮ પંક્તિ | ૧૧ |
| | ૧/૮૯ | ૧૪ |
| | ૨/૩૬ | ૨૧ |
| | ૨/૬૬ પંક્તિ | ૨૫ |
| | ૩/૧૦ પંક્તિ | ૨૯ |
| | ૩/૩૭ | ૩૩ |
| | ૩/૭૦ પંક્તિ | ૩૮ |
| | ૪/૧૪ | ૪૦` |
| | ૪/ ૨૦ પંક્તિ | ૪૧ |
| | ૪/૩૬ | ૪૩ |
| | ૫/૬ પંક્તિ | ૫૧ |
| | ૫/૩૧ પંક્તિ | ૫૫ |

| | | |
|---|---|---|
| | ૬/૧૩ પંક્તિ | ૬૩ |
| | ૮/૮૦ | ૮૭ |
| | ૮/૮૭ | ૯૭ |
| | ૧૦/૪ | ૧૧૨ |
| | ૧૪/૧૬ | ૧૬૫ |
| | ૧૭/૪૯ | ૨૦૬ |

**નોંધઃ આગળ દર્શાવેલ અંક (૧/૪) માં ૧ એ સર્ગ છે અને ૪ એ શ્લોક સૂચવે છે. જ્યાં પંક્તિ નોંધી છે તે શ્લોક પંક્તિ છે.**

**૨. કુમારસંભવ મહાકાવ્યમાં મૂલ્યમીમાંસા અંતર્ગત મૂલ્યના અર્થ અંગેના તારણો**

**કુમારસંભવ**માં મૂલ્યનો અર્થ સ્પષ્ટ કરતા કાલિદાસ લખે છે કે સમાજની અદની વ્યક્તિ સાથે પણ સારો વ્યવહાર કરવો એ સાંસ્કૃતિક મૂલ્ય છે. આનંદની અનુભૂતિને મૂલ્ય માને છે. સૌંદર્ય અને વિનમ્રતાને મૂલ્ય માને છે. જન્મમરણના બંધનથી છૂટીને પરમ લક્ષ્ય, મોક્ષ પ્રત્યે પ્રયાણ કરવું તેને કાલિદાસ મૂલ્ય માને છે. આજ્ઞાપાલન, પ્રણામ, મધુર ભાષણ, મિત્ર પ્રત્યે પ્રેમ રાખવાનો તેને મૂલ્ય માને છે. આળસનો ત્યાગ કરીને શરીરને તપ માટે તૈયાર કરવુંને તેને આધ્યાત્મિક મૂલ્ય માને છે. વૃક્ષોનું પાલનપોષણ કરવું તેને પર્યાવરણીય મૂલ્ય માને છે. બ્રહ્મચર્ય અને અતિથિ સત્કારને તે મૂલ્યનો અર્થ તરીકે સ્વીકારે છે. આચરણ ધર્મ અને વ્યવહારને ચારિત્રિક મૂલ્ય માને છે. સત્યમ્, શિવમ્, સુન્દરમ્ને આંતરરાષ્ટ્રીય મૂલ્યના અર્થ તરીકે સ્વીકારે છે. વ્યક્તિગત મૂલ્ય અંતર્ગત સંતોષને માને છે. શરણાગતની રક્ષા કરવી અને ભૂલ કરનારને ક્ષમા આપવી એ પણ મૂલ્ય છે. વિશ્વકલ્યાણને મૂલ્ય તરીકે સ્વીકારે છે. આજ્ઞાપાલન ધર્મરક્ષણને મૂલ્ય માને છે. વ્યક્તિગત નેતૃત્વક્ષમતાના વિકાસને મૂલ્ય માને છે.

કુમારસંભવ મહાકાવ્યમાં ઉપર્યુક્ત મૂલ્યમીમાંસા અંતર્ગત મૂલ્યના અર્થને લગતા જે શ્લોકો/ શ્લોકસ્થ પંક્તિઓમાં આલેખન જોવા મળે છે તેની સારણી આ મુજબ છે.

**સારણી**

**મૂલ્યના અર્થને લગતા શ્લોકો/ પંક્તિઓ**

| મહાકાવ્ય | સર્ગ/શ્લોક-શ્લોકપંક્તિ | કાલિદાસ ગ્રંથાવલિ પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| કુમારસંભવ | ૧/૧૨ પંક્તિ | ૨૩૨ |
| | ૧/૪૩ પંક્તિ | ૨૩૭ |
| | ૧/૪૮ | ૨૩૮ |
| | ૨/૫૧ પંક્તિ | ૨૪૭ |
| | ૩/૩ પંક્તિ | ૨૫૦ |
| | ૩/૬૧ | ૨૫૮ |
| | ૪/૧૬ પંક્તિ | ૨૬૩ |
| | ૪/૨૯ પંક્તિ | ૨૬૪ |
| | ૫/૬ પંક્તિ | ૨૬૮ |

| | | |
|---|---|---|
| | ૫/૧૪ | ૨૭૦ |
| | ૫/૩૦ | ૨૭૨ |
| | ૫/૩૧ | ૨૭૨ |
| | ૫/૩૮ | ૨૭૩ |
| | ૫/૩૯ | ૨૭૩ |
| | ૫/૭૭ | ૨૭૯ |
| | ૮/૧૨ | ૩૦૮ |
| | ૯/૧૦ | ૩૨૧ |
| | ૧૦/૨૨ | ૩૩૦ |
| | ૧૨/૫૮ પંક્તિ | ૩૫૦ |
| | ૧૩/૫૧ | ૩૫૭ |

નોંધઃ આગળ દર્શાવેલ અંક (૧/૧૪) માં ૧ એ સર્ગ છે અને ૧૪ એ શ્લોક સૂચવે છે. જ્યાં પંક્તિ નોંધી છે તે શ્લોક પંક્તિ છે.

## ૧૦. ઉપસંહાર

આમ, કાલિદાસે રઘુવંશ અને કુમારસંભવ મહાકાવ્યોમાં મૂલ્યમીમાંસા અંતર્ગત મૂલ્યના અર્થ વિશે વિસ્તૃત વર્ણન કર્યું છે. કાલિદાસ શુદ્ધતા, પવિત્રતા, સુખ, શાંતિ, પૂજા, પ્રજારક્ષણ, પર્યાવરણ રક્ષણ, પ્રકૃતિ પ્રેમ, કર્તવ્યપાલન, નમ્રતા, મોક્ષ પ્રત્યે ઈચ્છા, તપ, આજ્ઞાપાલન, સત્યમ શિવમ સુંદરમ્, આચરણ, ધર્મ જેવા મૂલ્યોને માને છે. એનાથી સ્પષ્ટ થાય છે કે કાલિદાસ ભારતીય સંસ્કૃતિના પોષક હતા એમાં કોઈ સંદેહ નથી.

## સંદર્ભસૂચિ


૧. ઉચાટ,ડી. એ. (૨૦૧૨). શિક્ષણ અને મનોવિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (દ્વિતીય આવૃત્તિ). રાજકોટઃ પારસ પ્રકાશન.

૨. દેસાઈ, એચ. જી. અને દેસાઈ કે. જી. (૧૯૯૭). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. છઠ્ઠી આવૃત્તિ) અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

૩. ભગવતસિંહજી (૨૦૦૨). ભગવદ્ગોમંડલ (ભાગ નવમો). રાજકોટઃ પ્રવીણ પ્રકાશન.

૪. ભાવસાર, એમ. એ. (૨૦૦૭). સાર્થ ગુજરાતી જોડણીકોશ. (પ્રથમ આવૃત્તિ).અમદાવાદઃ નવભારત સાહિત્યમંદિર પ્રકાશન.

૫. શાહ, ડી. બી. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન (દિશા દર્શન). અમદાવાદઃ પ્રમુખ પ્રકાશન.

૬. उपाध्याय, भगवतशरण (२०१०). कालिदास का भारत (चौथा संस्करण) नयी दिल्लीः भारतीय ज्ञानपीठ।

७. चतुर्वेदी, सीताराम (२००९). कालिदास ग्रंथावलि (तृतीय संस्करण) अलीगढः भारत प्रकाशन मंदिर।

८. माथुर, के (२०१०).महाकवि कालिदास के नाटको में पर्यावरण बोध शोधः समीक्षा और मूल्यांकन, बिलासपुर, छत्तीसगढ।

९. शर्मा, एस. (१९९७). ललितकलाएँ और महाकवि कालिदास वैचारिकीः बिकानेर, भारतीय विद्यामंदिर शोध प्रतिष्ठान।

१०.www.kalidas.com

११.http://hi.m.wiki.hamropathshala.com

१२.http://hi.m.wikipedia.org.wiki> नाटक